**PHONES**

PATAN : 220228,230068,224468
(MO) : 9428518890,9624630066/68/99
E-mail : dptco123@gmail.com
Website : dpthakker.com

# D.P.THAKKER & CO.

TAX CONSULTANTS
"SHREE KUNJ" STATION ROAD
PATAN (N.G.) 384265

---

તારીખ : ૨૬/૦૨/૨૦૧૯

ભાઇશ્રી,

ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૮-૧૯ નો ઇન્કમટેક્ષ એડવાન્સ ટેક્ષ નો છેલ્લો હપ્તો તા. ૧૫-૦૩-૨૦૧૯ સુધી માં ભરવાનો છે. આ અંગે ની જરૂરી માહિતી નીચે પ્રમાણે છે.

(૧) વ્યક્તિ, H.U.F, ભાગીદારી પેઢી, કંપની, L.L.P., વિગેરે એ તેમની આવક નો ભરવપાત્ર ટેક્ષ T.D.S.બાદ કર્યા પછી જો રૂ .૧૦,૦૦૦/- થી વધારે હોય તો એડવાન્સ ટેક્ષ ભરવો પડે .

(૨) અંગત તથા H.U.F ને આવક માંથી મુખ્યત્વે નીચેની કપાતો બાદ મળે છે.

(૧) L.I.C./P.P.F. /NSC/ ટેક્ષ સેવર F.D. /હાઉસિંગ લોન નો હપ્તો /બે બાળકોની ટ્યુશન ફી(અંગત ને )/સુકન્યા સમૃદ્ધિ સ્કીમ વિગેરે માં કરેલ રોકાણ રૂ ૧,૫૦,૦૦૦ /- સુધી બાદ મળે છે.

(૨) નેશનલ પેન્સન સ્કીમ (N.P.S.) માં રૂ. ૫૦,૦૦૦ /- સુધી નું રોકાણ વધારાનું બાદ મળે છે.

(3) મેડિકલ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ રૂ, ૨૫,૦૦૦ /- સુધી અને હેલ્થ ચેક અપ ખર્ચ રૂ. ૫૦૦૦/- સુધી બાદ મળે છે. સીનીયર સીટીજન ને મેડિકલ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ રૂ.૩૦,૦૦૦ /- સુધી બાદ મળે છે.

(૪) પગાર ની આવક માંથી રૂ. ૪૦,૦૦૦ /- સુધીનું સ્ટાન્ડર્ડ ડિડકશનબાદ મળે છે.

(૫) સેવિંગ ખાતાનું વ્યાજ રૂ. ૧૦,૦૦૦/- સુધી સીનીયરસીટીજન સિવાય ની વ્યક્તિ ને તથા H.U.F ને બાદ મળે છે. સીનીયર સિટીજન ને બેન્ક તથા પોસ્ટ ઓફિસ F.D. નું વ્યાજ રૂ ૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે.

(3) ભાગીદારી પેઢી ને તમામ ખર્ચા ઓ તથા ભાગીદારો ની મુડી નું વ્યાજ બાદ કર્યા પછી જં બુક પ્રોફીટ બાકી વધે તેમાંથી વર્કિંગ પાર્ટનરો નો પગાર નીચે મુજબ પગાર બાદ મળે છે.

(૧) રૂ.૧,૫૦,૦૦૦/-સુધી ના નફા ઉપર -100%

(૨) રૂ.૧,૫૦,૦૦૧/- થી 3,00,000/- સુધી 90%

(3) રૂ.૩,૦૦,૦૦૦/-ઉપર ગમે તેટલી આવક ઉપર -60%

એટલે તમારી પેઢી તથા ભાગીદારો ની ચાલુ વર્ષની થવા પાત્ર કુલ આવક, તેમાંથી મજરે લેવા પાત્ર કપાતોની રકમ ,અત્યાર સુધી ભરેલ એડવાન્સ ટેક્ષ ની વિગત તથા મજરે લેવાની T.D.S ની રકમ ની વિગત અમને તુરંત મોકલશો જેથી ભરવાપાત્ર એડવાન્સ ટેક્ષ ના ચલણો મોકલી શકાય.

કુશળ હશો.

લી.

કનુભાઈ-પિયુષભાઇ-નિખીલભાઈ